# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭ તા.૨૪-૦૪-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

| | |
|---|---|
| વિષય :- | ધો.૨ ઉપચારાત્મક શિક્ષણ શાળા મૂલ્યાંકન અંગે યુ.આર.સી., સી.આર.સી., બી.આર.પી. એચ.ટેટ આચાર્ય, એસ.આર.જી.ને મોકલવા બાબત. |
| સંદર્ભ :- | ક્રમાંકઃ ડાયેટ/ઉપચારાત્મક મૂલ્યાંકન-૨૦૧૯/૨૦૧૯/૨૧૦૫-૦૭ તા.૨૪-૪-૧૯ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન નો પત્ર. |

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર દ્વારા તા.૨૬-૪-૨૦૧૯ને શુક્રવાર, તા.૨૭-૪-૨૦૧૯ને શનિવાર તથા તા.૨૯-૪-૨૦૧૯ને સોમવારના રોજ તમામ શાળાઓમાં (અન્ય માધ્યમ સહિત) ધો.૨ના વિદ્યાર્થીઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવશે. આથી ધો.૨ના તમામ વિદ્યાર્થીઓને ઉપસ્થિત રાખવા.

**એચ.ટાટ મુખ્ય શિક્ષકશ્રીની એક દિવસીય તાલીમ :**

તમામ એચ.ટાટ મુખ્ય શિક્ષકશ્રીઓ તથા તમામ યુ.આર.સી.-કો., સી.આર.સી.-કો., બી.આર.પી. તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના એસ.આર.જી. સભ્યોએ તા.૨૫-૪-૨૦૧૯ના રોજ ૧૦.૩૦ કલાકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર ગોતા ખાતે બિનચૂક રીતે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૪-૦૪-૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃ ડાયેટ/ઉપચારાત્મક મૂલ્યાંકન-૨૦૧૯/૨૦૧૯/૨૧૦૫-૦૭
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા- ઓગણજ રોડ,ગોતા ચોકડી પાસે, ગોતા,
અમદાવાદ -૩૮૦૦૬૦
ફોન / ફેકસઃ (૦૨૭૧૭) ૨૯૫૯૯૮
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in, Web : www.dietahmdcity.org

सत्य मेव जयते
Govt. of Gujarat

પ્રાચાર્ય

તારીખઃ૨૪/૦૪/૨૦૧૯

---

**પ્રતિ,**
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ.

**વિષયઃ- ધો.૨ ઉપચારાત્મક શિક્ષણ શાળા મૂલ્યાંકન અંગે યુ.આર.સી., સી.આર.સી., બી.આર.પી., એચ.ટેટ આચાર્ય, એસ.આર.જી.ને મોકલવા બાબત.**

**સંદર્ભઃ- ૧. જીસીઈઆરટી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:જીસીઈઆરટી/સંશોધન/૧૦૨૦૦-૨૫ તા.૨૦/૦૪/૧૯**
**૨. જીસીઈઆરટી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જીસીઈઆરટી/ સંશોધન/ ૧૦૫૬૯-૯૫ તા.૨૧/૦૪/૧૯**

**શ્રીમાન**

સવિનય ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અનુસંધાને આપશ્રીને વિદિત થાય કે, ધો.૨ ઉપચારાત્મક બાહ્ય મૂલ્યાંક્ન માટેના ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરની તાલીમ અને તેમના દ્વારા ધો.૨ શાળા મૂલ્યાંકન માટે નીચે મુજબ આયોજન થયેલું હોય, તે માટે નીચે મુજબની સંખ્યા પ્રમાણે ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરને મોકલી આપવા વિનંતી છે.

| **ફિલ્ડ ઇન્વેસ્ટીગેટર્સ** | **મોકલવાની થતી સંખ્યા** | **તાલીમ અંગે સમય અને સ્થળ** |
|---|---|---|
| યુ.આર.સી/ સી.આર.સી./ એચ.ટેટ આચાર્ય/ બી.આર.પી. / એસ.આર.જી./ સી.આર.જી. | ૧૭૦ | તા.૨૫/૦૪/૧૯નાં રોજ ૧૦:૩૦ કલાકે સ્થળ:- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ-શહેર |

**નોંધ:- તા.૨૬-૨૭ અને ૨૯, એપ્રિલ, ૨૦૧૯ દરમ્યાન ધો.૨ની શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન થવાનું હોય, તે મુજબ શાળાઓને જાણ કરવા વિનંતી છે.**

**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**અમદાવાદ-શહેર**

**નકલ સવિનય રવાના જાણ સારૂ:-**
- નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭-A તા.૨૪-૦૪-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ઉનાળાની ગરમીને કારણે ધો. ૧ થી ૮ ની તમામ પાળીઓમાં ચાલતી શાળાઓનો સમય તા.૨૫-૦૪-૨૦૧૯ થી તા.૦૪-૦૫-૨૦૧૯ સુધી સવારે ૭.૦૦ થી ૧૦.૩૦ કલાકનો રહેશે. ૧૦.૩૦ કલાકે બાળકોને મધ્યાહન ભોજન આપવાનું રહેશે.

- બાળકો માટે ઓ.આર.એસ.ના પેકેટની જરૂરીયાત હોય તો નજીકના અર્બન હેલ્થ સેન્ટરમાં મુખ્ય શિક્ષક જરૂરીયાત પ્રમાણે શાળાના લેટરપેડ પર માંગણી કરી બાળકો માટે વ્યવસ્થા કરવી.
- **તદ્ઉપરાંત અમદાવાદ શહેરમાં આવનાર દિવસોમાં વધી રહેલ તાપમાનના અનુસંધાને અ.મ્યુ.કો. દ્વારા શહેરીજનોને અતિશય ગરમીથી બચવા નીચે મુજબના તકેદારીના પગલા લેવા માટે અપીલ કરવામાં આવે છે.**
  - વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું
  - લાંબો સમય તડકામાં ન રહેવું, હળવા રંગના સુતરાઉ કપડા પહેરવાં
  - ઠંડક વાળા સ્થળો પર સમયાંતરે આરામ કરવો.
  - નાના બાળકો-વૃધ્ધો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવું.
- અતિશય ગરમીને લીધે લુ લાગવાના લક્ષણો નીચે મુજબ છે.
  - ગરમીની અળાઈઓ
  - ખુબ પરસેવો થવો અને અશકિત લાગવી
  - માથાનો દુખાવો, ચક્કર આવવા
  - ચામડી લાલ-સુકી અને ગરમ થઇ જવી
  - સ્નાયુઓમાં દુખાવો અને અશકિત આવવી
  - ઉબકા અને ઉલ્ટી થવી

  જો ઉપરોક્ત લક્ષણો દેખાય તો ઈમરજન્સીમાં અ.મ્યુ.કો. સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરમાં જવું અથવા ૧૦૮ નો સંપર્ક સાધવો.
- ઘરે પણ ગરમીથી બચવા બાળકોને અને તેમના વાલીઓને સેન્સીટાઇઝ કરવા.
- હિટવેવ એટલે કે યલો એલર્ટ, ઓરેન્જ એલર્ટ તથા રેડ એલર્ટ અંગેની જરૂરી માહિતી અને તકેદારીરૂપ પગલાની માહિતી સમયાંતરે ઇ-મેઇલ કે અન્ય પ્રચાર-પ્રસારના માધ્યમોથી સ્કૂલબોર્ડ દ્વારા આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ અને તેઓના વાલીઓ સુધી પહોંચે તેવા પ્રયાસો કરવાના રહેશે.
- ઉપરોક્ત વિગતોની જાણ એસ.એમ.સી. સભ્યશ્રીઓ, તમામ વાલીઓ તથા વિદ્યાર્થીઓને કરવાની રહેશે.

તા.૨૪-૦૪-૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

भारत सरकार
पृथ्वी विज्ञान मंत्रालय
भारत मौसम विज्ञान विभाग
मौसम केंद्र,
आर एस/आर डब्ल्यू भवन,
हवाई अड्डा, अहमदाबाद-382,475
फोन न. 079 22865012

Government of India
*Ministry of Earth Sciences*
India Meteorological Department
Meteorological Centre,
RS/RW Building, Airport,
Ahmedabad-382 475.
Phone: 079-22865012
Fax : 079-22865449

Issuing Office: Meteorological Centre, Ahmedabad
Time of Origin : 1200 Hrs. IST
Date :24/04/2019
HAP20190424/01

**<u>Five days City weather forecast (Maximum temperature forecast) for Ahmedabad</u>**

| Maximum Temperature forecast | Maximum temperature in deg Celsius | Probability of occurrences | High Temperature Warning |
|---|---|---|---|
| Day1 (Valid from time of origin to 0830 Hrs. IST of 25/04/2019 ) | 44 | Most likely | |
| Day2(Valid from 0830 Hrs. IST of 25/04/2019 to 0830 Hrs. IST of 26/04/2019 ) | 44 | Most likely | |
| Day3( Valid from 0830 Hrs. IST of 26/04/2019 to 0830 Hrs. IST of 27/04/2019 ) | 45 | Very likely | |
| Day4( Valid from 0830 Hrs. IST of 27/04/2019 to 0830 Hrs. IST of 28/04/2019 ) | 45 | Very Likely | |
| Day5( Valid from 0830 Hrs. IST of 28/04/2019 to 0830 Hrs. IST of 29/04/2019 ) | 45 | Likely | |

**Legend:** **Probability of occurrences**

Unlikely: less than 25 %
Likely: 25 to 50 %

**Levels:**

Yellow: 41.1- 43 deg Celsius
Orange: 43.1- 44.9 deg Celsius
Red : ≥45.0 deg Celsius

**for Director In-charge**
Meteorological Centre
Ahmedabad